## આંબાના પાકમાં મધીયાનુ નિયંત્રણ

કિટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારીની યાદી જણાવે છે કે ચાલુ વર્ષમાં દક્ષિણ ગુજરાતમાં ઓક્ટોબર માસમાં આંબાના પાકમાં મધીયાનો છૂટોછવાયો ઉપદ્રવ જણાયેલ હતો. આ ઉપરાંત ચાલુ માસમાં પણ નવી પિલવણીમાં ઈંડા મુકવાથી થયેલ નુકાશાન માલુમ પડેલ છે. તે જોતા જણાય છે કે આવનાર માસમાં મધીયાનો ઉપદ્રવ જોવા મળશે. મધીયાનાં બચ્ચાં અને પુખ્ત કિટક ફાચર આકારના અને ઝાંખા રાખોડી રંગના હોય છે. જે ખુબ જ ઝડપથી ત્રાંસા ચાલતા હોય છે. બચ્ચાં અને પુખ્ત કિટક કુમળા પાન તેમજ પુષ્પવિન્યાસનાં જુદા જુદા ભાગોમાંથી રસ ચૂસીને નુકશાન કરે છે. વધુ ઉપદ્રવનાં કારણે પાન તરડાઈને બેડોળ આકારના થાય છે. જ્યારે પુષ્પવિન્યાસના કુમળા ભાગો સુકાઈ જવાથી વટાણાથી નાનાં કદની કેરીઓ સુકાઈને ખરી પડે છે. આ ઉપરાંત આ કિટકનાં શરીરમાંથી ઝરતો મધ જેવો ચીકણો પદાર્થ પાન પર પડતા તેના પર કાળી ફૂગ વિકાસ પામે છે જે પ્રકાશસંશ્લેષણની ક્રિયાને અવરોધે છે. આ જીવાતને ભેજ અને છાંયડાવાળું હવામાન વધુ અનુકૂળ આવે છે. આ કીટકનાં નિયંત્રણ માટે મોર ખીલે તે પહેલા ડેલ્ટામેથ્રીન ૨.૮ ટકા ઇસી ૩ મી.લી. અથવા સાયપરમેથ્રીન ૨૫ ટકા ઇસી ૧.૨ મી.લી. અથવા આલ્ફામેથ્રીન ૧૦ ટકા ઇસી ૧.૭ મી.લી. અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ ટકા એએલ ૨.૮ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. આ ઉપરાંત ફેનોબુકાર્બ ૫૦ ટકા ઇસી ૨૦ મી.લી. અથવા ક્વીનાલફોસ ૨૦ ટકા ઇસી ૨૫ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવાથી પણ મધીયાનું નિયંત્રણ થઇ શકે છે. વધુમાં મોર બેસી ગયા પછી શક્ય હોય ત્યાં સુધી જંતુનાશક દવાનો છંટકાવ ટાળવો જોઈએ. આ ઉપરાંત ખેડૂતોએ અગાઉ જે દવાઓનો છંટકાવ કરતા હોય તેની સામેં પ્રતિકારક શક્તિ વિકસેલ હોય ત્યાં તે દવા છોડીને ઉપર જણાવેલ કોઈપણ દવાઓનો છાંટકાવ કરવાથી આ જીવાતની દવાઓ સામેની પ્રતિકારકતા ઓછી થવાથી તેનું અસરકારક નિયંત્રણ મળે છે.